# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## પાદરાવાળાને પરચો આપ્યો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

આજે આપણે એક નવી વાત વાંચીશું. સ્વાર્થભરી બુદ્ધિમાં ક્યારેય સદ્‌ભાવ હોતો નથી. અરે ! માણસને તો ક્યાં પણ ભગવાનને પણ બંધનમાં રાખવા આવા સ્વાર્થી જીવો વિચાર કરે છે. પરંતુ આ તો જગતનો નાથ ભક્તના પ્રેમની દોરીથી બંધાય છે. પરંતુ એને કોઈ અન્ય સત્તા બાંધી શકતી નથી.

વાત છે વડોદરા પાસેના પાદરા ગામની ત્યાંના રાજા કર્ણજીતને ખબર પડી કે સ્વામિનારાયણ ભગવાન અમારા ગામ પાસેથી પસાર થઈ રહ્યાં છે.

કર્ણજીત રાજાએ કોઈ દિવસ સ્વામિનારાયણ ભગવાનને નજરે જોયેલા નહિ પણ તેને વાત મળી હતી કે સ્વામિનારાયણ પાસે ઘણા બધા રૂપિયા છે. એટલે તો આટલા બધા યજ્ઞો કરે છે. ચોરાશી કરીને ભૂદેવોને જમાડે છે અને દાનદક્ષિણા ખૂબજ આપે છે ચારે બાજુ તેમની વાહ વાહ છે બધા તેમને ભગવાન તરીકે પૂજે છે અને માને છે. તો આ મોકો છે આપણે તેમની પધરામણી આપણા મહેલમાં કરાવીએ, તેણે સ્વામિનારાયણ ભગવાનની કીર્તિ સાંભળેલી કે તેમની પાસે અઢળક રૂપિયા છે અને તેમના સત્સંગીઓ પણ ખૂબજ પૈસે ટકે વહેવારે સુખી હોય છે. લાવ ત્યારે વહેતી ગંગામાં હાથ ધોઈ લઉં. પધરામણી કરાવવાનો શુભ આશય પણ ન હતો. મેલી મુરાદ હતી. તેથી ગામની પાદરે જઈ સામૈયુ કરવા રાજા ગયો અને સાથે ખુશામતિયા અને દરબારીઓને બધા-વાજા-શરણાઈઓ વગડાવી સામૈયુ કર્યું. અને મારા મહેલમાં પધરામણી કરી મને અને મારા મહેલને પાવન કરો.

પ્રભુ તો ‘‘મનકી જાણે-તનકી જાણે, જાણે ચિતકી ચોરી !’’ તેમને તો ખબર જ હતી કે આ બધું પ્રપંચ છે છતાં તેનું કલ્યાણ કરવું છે પણ જરા બીજી રીતે - પ્રભુએ ‘હા’ પાડી. એટલે સવારી મહારાજ અને સંતોની સાથે રાજમહેલ પહોંચી. ત્યાં પ્રભુનું પૂજન કર્યું. સાંજ પડી ગઈ હતી એટલે મહારાજે સામેથી કહ્યું દરબાર-અમારી અને અમારા સંતોની ઉતારાની અને ભોજનની વ્યવસ્થા કરો. અને રાજાએ આજ્ઞા માની તેમના માણસોને રસોઈ ઉતારાની સગવડ કરવા જણાવ્યું અને પછી આ રાજા કર્ણજીત પ્રભુને કહે છે કે - મારે તમને એક વાત કરવી છે. અત્યારે ને અત્યારે મને રૂપિયા એક લાખ આપો તો જ તમને મારા મહેલમાંથી સવારે જવા દઈશ અને જો નહિ આપો તો નજર કેદ રાખીશ. - રૂપિયા મળશે પછી જ જવા દઈશ. સ્વામિનારાયણ ભગવાને કહ્યું અમારી પાસે રૂપિયા નથી - ક્યાંથી આપીએ. રાજા કહે તો નજર કેદ રહો. કહી પોતાના સિપાહી જે પહેરેગીરો હતા તેમને હુકમ કર્યો. સાંભળો ચોકી પહેરો મજબૂત રાખજો. સફેદ વસ્ત્ર પહેરેલા સ્વામિનારાયણ અત્રેથી બહાર નીકળે નહિ. અને હા - જો ભગવા વસ્ત્રવાળા તેમના સાધુઓ જવા માગતા હોય તો જવા દેશો. સફેદ વસ્ત્રધારી સ્વામિનારાયણને જવા દેશો નહિ. અને જો ફરજ પાલનમાં બે ખબર રહ્યા તો બધાના માથા વાઢી નાંખીશ. પહેરેગીરોએ ‘જી હજૂર’ કહી આજ્ઞા શિરોધાર્ય કરી. રાજા કર્ણજીત પોતાના મહેલમાં સૂવા માટે ચાલ્યો ગયો.

પરોઢ થઈ સંતો સ્વામિનારાયણ, સ્વામિનારાયણ..... ઉચ્ચ સ્વરે ઉચ્ચાર કરતાં જાગ્યા. પ્રભાતિયા ગાયા. થોડા કીર્તનો ગાયાં અને ચોકીદારોને કહે છે દરવાજા ખોલો અમારે નહાવાધોવા બહાર જવું છે. ચોકીદારો તો હુકમના ગુલામ. તેમના રાજાએ કહ્યું હતું કે ‘‘ભગવા’’ વસ્ત્ર વાળા જે જાય તેમને જવા દેજો ‘સફેદ’ વસ્ત્રવાળાને ન જવા દેતા. ચોકીદારોએ જોયું આ તો ભગવાવસ્ત્રવાળા બધા રજા માંગે છે. ચોકીદારોએ ઉપરી અમલદારને પૂછ્યું, શું કરવું છે ? અમલદારે કહ્યું - ભગવાવાળાને જવા દો.

હવે, આ બાજુ સ્વામિનારાયણ ભગવાને કિમીયો રચ્યો. સાથે સંતો હતા તેમને કહ્યું તમારી પાસેના વધારાનાં ભગવા વસ્ત્ર અમને આપો. અમે પણ ભગવા ધારણ કરીએ. પ્રભુએ ભગવા વસ્ત્ર ધારણ કર્યા અને બધા સંતોની સાથે ને સાથે જ નીકળી ગયા ને ચોકીદારો આંખો પહોળી કરીને ઉભા હતા કે સફેદ વસ્ત્રવાળા સ્વામિનારાયણ ભગવાન જવા ન જોઈએ.

સવાર થયું. રાજા કર્ણજીત મનમાં હરખાતો હરખાતો આવ્યો - સ્વામિનારાયણને બધા મળ્યા હશે પણ કર્ણજીત જેવો કોઈ મળ્યો નહિ હોય. કેવા પુરી રાખ્યા ! હવે તો એકલાખ રૂપિયા આપી જ દેશે - છૂટવું હશે તો !

આવીને જોયું તો ઓરડો ખાલી ખમ ! કોઈ નહિ ! ના સફેદવાળા કે ના ભગવાવાળા ! ચોકીદારોને બરાડા પાડી બોલાવ્યા - સ્વામિનારાયણ ક્યાં ગયા ? 'જી હજૂર' અમને ખબર નથી. અમો તો તમારી આજ્ઞા પ્રમાણે ખાલી ભગવા વસ્ત્ર વાળાને જ જવા દીધા હતા. રાજા કર્ણજીત હાથ ઘસતો રહી ગયો અને વિચારવા લાગ્યો ૫૦-૬૦ માણસોને રાખ્યા, જમાડ્યા એ પણ માથે પડ્યું.

ઘણે દૂર નીકળી ગયા પછી સંતોએ પૂછ્યું પ્રભુ, તમે વણિકને બચાવવા કરોડ રૂપિયા ભરી દીધા હતા. તો આને એક લાખ રૂપિયા કેમ ના આપ્યા ? પ્રભુ કહે, સાંભળો મારા સંતો એ રૂપિયા એક કરોડ મેં મારા સંતના વચનને સત્ય કરવા ભર્યા હતા. ભલે એ સત્સંગી ન હતો પણ સંત વચને તેણે મારું ભજન કર્યું હતુ એટલે સંતને સાચા ઠેરવવા ભર્યા હતા. તો પછી હવે આનું શું થશે ? પ્રભુ કહે કશું નહિ થાય. જીવશે ત્યાં સુધી અમને યાદ રાખશે એટલે એ રીતે એના હૃદયમાં અમારી ભક્તિનું બીજબળ વધશે અને એનું કલ્યાણ થશે. જો અમે રૂપિયા આપી દીધા હોત તો તે અમને યાદ કરત નહિ. માટે હે સંતો એને અમારું સતત સ્મરણ રહે એ માટે જ અમે આ ચરિત્ર કર્યું.

અને બીજી વાત કે શ્રમ વિનાની સંપત્તિ ક્યારેય સુખ આપતી નથી. મહેનત કરો અને પ્રભુ જે સંપત્તિ આપે તે જ આપણા માટે હિતાવહ હોય છે. માટે તો સોનાની લંકા હનુમાનજીએ બાળી દીધી, અને સોનાની દ્વારિકા ભગવાને દરિયામાં ડુબાડી દીધી. માટે સુખી થવું હોય તો શ્રમ કરો. પરિશ્રમથી જે પ્રાપ્ત થાય તે સુખદાયી બને છે.

●

### કરૂણામૂર્તિ કૃપાનિધિ

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાને સાત વર્ષ સુધી વનવિચરણ કર્યું. વનવિચરણ દરમ્યાન કેટલાય તીર્થો પાવન કર્યા. તપ કરતા જોગી-જતિને દર્શનનું સુખ આપ્યું. અસુરોનો યુક્તિથી નાશ કર્યો. તપમૂર્તિ યોગેશ્વર શ્રીહરિ ''નીલકંઠ વર્ણી''ના નામથી પ્રસિદ્ધ થયા. વર્ણીરાજ વનમાં વિચરણ કરતા તેમને કેટલીક આપત્તિઓ પણ આવતી. આ બધુ વર્ણીરાજ માટે સહન કરવું તે કોઈ મોટી વાત નહતી. પણ એક ઘટના એવી બની ગઈ કે જે પ્રભુ માટે અસહ્ય બની.

વનવિચરણ કરતાં વર્ણીરાજને એક સમયે એક દ્રશ્ય નજરે ચડ્યું. કોઈ રાજા મૃગનો શિકાર કરતો હતો. વર્ણીરાજે તે રાજાની પાસે જઈ કહ્યું, હે રાજન્ ! અહિંસા મોટો ધર્મ છે. ''જીવ પર દયા ભાવ રાખો નિર્દોષ પશુને મારશો નહિ. દયા ધર્મનું મૂળ છે.''

દયા, ધર્મ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન,
તુલસી દયા ન છાંડીયે, જબ લગ ઘટમેં પ્રાણ.''

આ નિર્દોષ પ્રાણીની હિંસા ન કરશો, પરંતુ રાજા શિકાર કરવાના મદમાં હતો. પ્રકૃતિથી અભિમાની હતો. તેથી તેણે પ્રભુની એક પણ વાત કાને ન ધરી સ્વીકારી નહિ. સર્વે ઐશ્વર્ય સંપન્ન ભગવાન છે. કેટલાયને સમાધિ કરાવી છે. સમાધિમાં ભગવાનના ધામના સુખ તથા પાપ કરનારને નરકકુંડની વેદના બધું દેખાડવા સમર્થ છે. પરંતુ આજે કરૂણામૂર્તિ પરમાત્માનું નિર્દોષ પ્રાણીને આ રાજા મારતો હતો તે જોઈને હૃદય દ્રવિ ઉઠ્યું.

એક પછી એક મૃગની હિંસા કરનાર રાજાને વર્ણીરાજે કહ્યું, હે અભિમાની રાજન ! હિંસા કરવાનું મુકી દો નહિંતર જે રાજ્યનું જે પદવીનું તમને અભિમાન છે તેમાંથી તમારે પદભ્રષ્ટ થવું પડશે. તેમ છતાં રાજા વાતને સમજ્યો નહિ. અને વર્ણીરાજના મુખેથી શબ્દો સરી પડ્યા ''બળ્યું આ રાજાનું નગર.''

આટલા શબ્દો જ્યાં પ્રભુનાં મુખે સરી પડ્યા ત્યાં તો જોતજોતામાં રાજાનું નગર ક્ષણવારમાં ભડભડ બળવા માંડ્યું અને થોડીજવારમાં ભસ્મીભુત થઈ ગયું.

ક્ષમામૂર્તિ પરમાત્માને આ દૃશ્ય જોઈ મનમાં બહુ દુઃખ થયું. અરેરે એક રાજાના પાપે આખાય નગરનો નાશ થઈ ગયો. અને દયાળુ પ્રભુએ તરત જ બીજો સંકલ્પ કર્યો. ''આજથી અમારો તથા અમારા સંતોનો કોઈ પણ શાપ ક્યારે પણ સત્ય ન થાવ. પણ જો કોઈના સુખ માટે શુભ સંકલ્પ થાય તો તે સત્ય થાય. પરંતુ શાપ અપાઈ ગયો હોય તો તે સત્ય ન થાય.

મિત્રો ! સાંભળ્યું ને કેવી મજાની વાત છે. માટે જ ભગવાન કે સંતો ક્યારે પણ પણ કોઈનું ભુંડું ઈચ્છતા નથી. હમેંશા સહુ જીવ પ્રાણી માત્રનું શ્રેય જ ઈચ્છે છે. માટે જે શ્રદ્ધાથી ભગવાનને સંતને શરણે થાય તો તેનું સારૂં અવશ્ય થાય પરંતુ અહિત ક્યારે પણ થતું નથી.